GE 7 – Netra Samaj Resolutions / નેત્રા સમાજના ઠરાવો

18-Sep-2010
————————————————————————-
From: Mehul Patel, mehul_patel3889@yahoo.co.in
Date: Sat, Sep 18, 2010 at 7:43 PM
Subject: Nava Samachar
To: realpatidar@googlegroups.com

Dear Real Patidar Bhaio,

Sambhlo ek nava khushi na samachar, have netra gam pan rangai gayu che SANATAN na rang ma, netra samaj ae nava tharavo karya che jenu badha gam na sabhyo ae palan karvanu rehse. me aa email sathe SHREE NETRA PATIDAR SANATAN SAMAJ na tharavo ni nakal attach kari che.

Sanatan Dharm ni jay
Jay Laxminarayan
Jay Ma Umiya

A~~ttachments: http://issuu.com/patidar/docs/ge_7_-netra_samaj_-resolutions_-de/1?mode=a_p~~
https://archive.org/details/rpge007

શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન શ્રી ઉમિયા માતાજી શ્રી સ્વામીનારાયણ ભગવાન

શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજ

સંપ-સંગઠન-એકતા એજ છે નેત્રા પાટીદાર સમાજની વિશેષતા

મિટીંગ સ્થળ :: ઉમા ભવન તા. ૧૧-૦૯-૨૦૧૦ સમય બપોરે :: ૩-૦૦ કલાકે

ઠરાવ-૧ શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ (કેન્દ્રિય સમાજ) નખત્રાણા દ્વારા ૨૫-૩-૨૦૧૦ ના રોજ બહાર પાડેલ શ્વેતપત્ર તેમજ તા. ૭-૫-૨૦૧૦ ની અસાધારણ સામાન્ય સભામાં સર્વાનુમતે બંધારણમાં કરાયેલ સુધારાઓ તા. ૧૨-૫-૨૦૧૦ના જ્ઞાતિ રિતી-રિવાજોની ૧ થી ૧૯ કલમો અને કેન્દ્રિય સમાજે તા. ૧-૭-૨૦૧૦ના બહાર પાડેલ આદેશોને અનુલક્ષીને શ્રીનેત્રા પાટીદાર સમાજની ચારે સમાજને ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

ઠરાવ-૨ કચ્છ કડવા પાટીદાર સમાજની અંદર નેત્રા ગામના જ શ્રી સુધારક વડીલ કેશરાબાપાએ પહેલ કરી પીરાણા સતપંથનો સદંતર ત્યાગ કરી આપણા મુળ સનાતન હિન્દુ ધર્મને અંગીકાર કર્યો હતો અને આપણી સમાજને પ્રથમ જાગૃતીના પથ પર લઇ જવામાં પહેલ કરી હતી. આ સમાજના દરેક સભ્યએ સનાતન હિન્દુ ધર્મને હમેશને માટે પાળવાનો અને અનુસરવાનો રહેશે.

ઠરાવ-૩ શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજના સભ્ય સનાતન વૈદિક હિન્દુ ધર્મને માનતા અને પાળતા. નેત્રા ગામના કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીના વંસજો જ થઇ શકશે. (પીરાણા સતપંથ ધર્મને માનતી અને અનુસરતી કોઇપણ વ્યકિત આ સમાજની સભ્ય બની અથવા રહી શકશે નહીં) આ સમાજના કોઇપણ સભ્યોએ એમના બાહ્ય આચરણો જનમથી મરણોત્તર સુધી હિન્દુ તરીકેના નિયમો પાળવાના રહેશે. પીરાણા સતપંથ ધર્મના કોઇપણ સ્થળોએ દર્શન-પૂજા-અર્ચના કરવી અથવા તો રૂપિયા આપી કરાવવી, પિરાણા સ્થાનકે બેડીઓ પહેરવી અથવા મરણ પાછળ પિરાણા જઇને ગુનો છોડાવવો - નારાણબલી ચડાવવી કે પિરાણા સતપંથ ધર્મના કોઇપણ ધાર્મિક સ્થળોએ જવા માટે યોજાતી પદયાત્રા સંઘમાં ભાગ લેવો અથવા તો પિરાણા સંસ્થાઓ દ્વારા ભરાતી સીબીરોમાં ભાગ લેવો - અથવા તેના જેવી વિવિધ ક્રિયાઓ તેમજ દાન-ભેટ-સોગાદ મોકલવી એવી તમામ ક્રિયાઓ કરવી અથવા તો કરાવવી તેને હિન્દુના બાહ્ય આચરણો ગણવામાં આવશે નહી. એવા બાહ્ય આચરણો કરવા વાળા અથવા તો કરાવવા વાળા આ સમાજના સભ્ય રહી શકશે નહી.

ઉપરોકત મુદાને અનુલક્ષીને શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજના તમામ પરિવારોએ પિરાણા સતપંથ ધર્મમાં કરવામાં આવતી દફનની મરણોત્તર ક્રિયાઓમાં ભાગલેવો નહીં તથા તેને લગતી કોઇપણ ધાર્મિક ક્રિયાકર્મમાં અથવા તો જમણમાં હાજરી આપવી નહીં, અને આવા કાર્યોને સદતંર બહિસ્કાર કરવો.

ઠરાવ-૪ પિરાણા સતપંથ ધર્મના કોઈપણ સ્થળોએ જેવાકે પિરાણા-કાદિયા-નખત્રાણા વગેરે અને કોઈપણ ગામના જ્યોતીષધામ અથવા કહેવાતા નિષ્કલંકી નારાયણના સ્થાનકમાં દર્શન-પૂજા-અર્ચના કરવી નહીં. તેની બાધા(માનતા) કરવી કે કરાવવી નહીં. પિરાણા સતપંથ ધર્મમાં અપાતા દશોધ-વિસોધ કે અન્ય કોઈપણ પ્રકારના લાગા દાન-ભેટ-સોગાદ આપવી કે મોકલાવવી નહીં.

ઠરાવ-૫ આ સમાજની કોઈપણ વ્યકિતએ પિરાણા સતપંથ ધર્મની સમાજોના ધાર્મિક ઉત્સવો કે તેના દ્વારા થતા સામૈયાઓમાં તેમજ સત્સંગ કે ધાર્મિક સભાઓમાં ભાગ લેવો નહીં. તથા તે અંગેના જમણવારના આમંત્રણનો સ્વીકાર કરવો નહીં. આપણી સમાજના ધાર્મિક હિન્દુ ઉત્સવો જેવાકે **રામનવમી-જન્માષ્ટમી-નવરાત્રી-સત્સંગ** કે **પ્રતિષ્ઠા મહોત્સવ-તિથિ** કે લગતા સમુહભોજનના કાર્યક્રમોમાં પિરાણા સતપંથ ધર્મને માનતી વ્યકિત તેમજ પરિવાર તેમજ વ્યકિત સમુહને કોઈપણ પ્રકારનું આમંત્રણ આપવું નહીં.

ઠરાવ-૬ શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજના કોઈપણ સભ્યએ અથવા તો પરિવારે આજ દિવસ પછી દિકરા કે દિકરીઓના સગપણ-સાતરા બાબતે દિકરી લેવાનું તથા દિકરી દેવાનું સનાતન ધર્મ પાળનારા પરિવારો સાથે કરવાનું રહેશે. પિરાણા સતપંથ ધર્મને માનનારા કોઈપણ ગામના કોઈપણ પરિવાર સાથે સગપણ-સાતરા કરવા નહીં. આથી અગાઉ પિરાણા સતપંથ ધર્મને માનનારા પરિવારો સાથે કરવામાં આવેલ જુના સંબંધોમાં આવતા સમાજીક વહેવારો જેવાકે લગ્ન-મામેરૂ તથા બોલામણું વગેરે પ્રસંગોમાં જઈ-આવી શકશે. તેવીજ રીતે મરણ વખતે દફન વિધિ તેમજ જુના પ્રકારની અંતીમ ક્રિયાઓ કરે તો સામાજીક નિત-નિયમો પ્રમાણે થતો વ્યવહાર કરીને પાછુ આવવાનું રહેશ. પણ ઉત્તર ક્રિયાઓમાં ભાગ લેવાનો રહેશે નહીં. જુના સંબંધો ટકાવી રાખવા માટે જાતે ઉચિત નિર્ણય લેવા સમાજ આદેશ આપે છે.

ઠરાવ-૭ શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજના પરિવારોમાં કોઈપણ પરિવારોમાં તેના નંજીકના સગા-સંબંધીઓ જેવા કે, સગો ભાઈ- કાકા- દાદા- કાકાઈભાઈ- વગેરે અગર પિરાણા સતપંથ ધર્મને માનનારા અથવા તો અનુસરતા હોય તો તેઓ તેની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રાખી શકશે નહીં. કચ્છ બહાર વસતા આ સમાજના પરિવારઓએ મધરાતની પૂજા અથવા તો પિરાણા સતપંથ ધર્મની કોઈપણ ક્રિયાક્રમ કરવી અથવા તો કરાવી શકશે નહી. તેજ પ્રમાણે પિરાણા સતપંથ ધર્મની કોઈપણ સંસ્થાના કહેવાતા સંતો-દાસો-ધર્મગુરૂઓ-આચાર્યો વગેરેને પોતાના ઘરે બોલાવી શકશે નહી તેમજ આજુ-બાજુના ગામો તથા શહેરોમાં પિરાણા સતપંથ ધર્મને માનનારાને ત્યાં અથવા તો આવા સંતો-દાસો-ધર્મગુરૂઓ-આચાર્યોને બોલાવીને યોજાતા કોઈપણ કાર્યક્રમોમાં કોઈપણ પ્રકારનો ભાગ લઈ શકશે નહી

ઠરાવ-૮ શ્રી નેત્રા પાટીદાર સનાતન સમાજ એક સનાતન વૈદિક હિન્દુ ધર્મને પાળતા લોકોની સમાજ છે. અને તેના ઈષ્ટદેવ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ તેમજ ભગવાન શ્રી સ્વામીનારાયણ અને કુળદેવી માં ઉમિયાજી છે.

સમાજ એને જ કહેવાય જ્યાં વ્યવસ્થિત લોકોનો જન સમુદાય

(અ) એક જ ધર્મને (સનાતન વૈદિક હિન્દુ ધર્મ) પાળતો હોય.
(બ) એક જ રિત-રિવાજને અનુસરાતી હોય.
(ક) એક જ આચાર-વિચારને વરેલી હોય.

શ્રી નેત્રા પાટીદાર સમાજો ચાર છે. પણ બધા એક જ છે. એટલા માટે થઈને આ સમાજમાં એકવાયતા જળવાય છે. એ હેતુથી આ સમાજના દરેક સભ્યોને, પરિવારોને આપણો મુળ સનાતન હિન્દુ ધર્મ પાળવા માટે આ સમાજ આદેશ કરે છે.

ઉપરોકત ઠરાવોનું પાલન કરવા તેમજ કરાવવા માટે સમાજના દરેક પરિવારોની નૈતિક ફરજ બને છે. તેથી દરેક પરિવારોએ સમાજને ૨(બે) જવાબદાર વ્યકિતઓના નામો આપવાના રહેશે. અને સમાજના દરેક પરિવારોમાં આ ઠરાવોની ચુસ્તપણે પાલન થાય તેની જવાબદારી જે તે વ્યકિતઓની રહેશે.

ઠરાવ-૯ ઉપરોકત ઠરાવોને લાગુ પાડવા માટે સમાજના બંધારણમાં જોઈતા ફેરફારો કરવા માટે પણ આ સભા અત્રેથી સર્વાનુમતે ઠરાવે છે.

ઠરાવ-૧૦ ઉપરોકત ઠરાવોનું પાલન આપણી સમાજના દરેક સભ્યોએ અને પરિવારોએ કરવું અનિવાર્ય છે. તેમાં કોઈપણ પ્રકારની ઢીલાસ-ચુક અથવાતો બાંધછોડ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહી. ઉપરોકત નિતી-નીયમોનું ચુસ્તપણે પાલન કરવું અને કરાવવું એ આ સનાતન સમાજના દરેક સભ્યો તેમજ પરિવારોની નૈતિક ફરજ બને છે. આ સમાજની જે કોઈ વ્યકિત અથવાતો પરિવાર ઉપરોકત ઠરાવોનું ઉલંગન કરશે તો આ સમાજના ગુનેગાર ગણાશે અને તેવા સભ્યોનું પરિવારોનું સભ્યપદ રદ કરવામાં આવશે. અને એ બાબતે બીજી કોઈપણ અન્ય ચર્ચાઓ હાથ ધરવામાં આવશે નહી.

ઉપરોકત ઠરાવો આ સમાજની સમાન્ય સભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.

શ્રી નેત્રા પાટીદાર સમાજ
મુ. નેત્રા (તાલુકા)
તા. નખત્રાણા જી. કચ્છ-ભુજ
પીન. ૩૭૦૬૨૦

ઉ.પ્રમુખશ્રી, મંત્રીશ્રી,